सत्यमेव जयते

વન અને પર્યાવરણ વિભાગ
ગુજરાત સરકાર

GEMI

# ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન(ગેમી)

(ગુજરાત સરકારશ્રીની સ્વાયત સંસ્થાન)

स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

# ઇ-કચરાની માહિતી પત્રીકા

## ઇ-કચરો શું છે?

ઇ-કચરો એટલે સમગ્ર ઇલેક્ટ્રીકલ અને ઇલેક્ટ્રોનીક્સ સાધનો અથવા તેના ભાગો અથવા તેનું ઉત્પાદન, નવીનીકરણ અને રીપેર પ્રક્રિયાનો ત્યજી દીધેલ કચરો કે જેનો હેતુ કચરો કે જેનો હેતુ કચરા તરીકે નિકાલ કરવાનો હોય.

## ઇ-કચરાની સમસ્યા શા માટે ગંભીર છે?


દુનીયામાં ઇ-કચરો ઝડપથી વિકાસ પામતા કચરાના પ્રકારોમાંથી એક છે. વર્ષ ૨૦૧૪માં અંદાજીત ૧૭ મીલીયમ ટન ઉત્પાદન સાથે ભારત દુનિયાનું પાંચમું સૌથી મોટું ઇ-કચરાનું ઉત્પાદક દેશ છે. (UN,2014) . વધી રહેલા **"Market penetration"** અને **"High obsolescence rate"** ને કારણે ઇ-કચરાનો ઉત્પાદન દર ઝડપથી વધી રહ્યો છે. વિવિધ કેટેગરીના ઉત્પાદનમાં ઇ-કચરની સંરચના (બંધારણ) અત્યંત અલગ અને વિવિધતાપૂર્ણ છે. ઇ-કચરામાં ૧૦૦૦ કરતાં વધારે પદાર્થોનો સમાવેશ થાય છે કે જે જોખમી અને બીનજોખમી કેટેગરીમાં સ્થાન પામે છે. તાજેતરમાં ભારતમાં ઇ-કચરાના માર્કેટનું સંચાલન અસંગઠીત ક્ષેત્રો દ્વારા કરવામાં આવે છે કે જ્યાં ઇ-કચરાનું વ્યવસ્થાપન અને નિકાલ એવી રીતે કરવામાં આવે છે કે તે પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્ય માટે હાનિકારક છે.

## ઇ-કચરા માટે કોઇ કાયદો છે?

હા, વન, પર્યાવરણ અને જલવાયુ પરીવર્તન મંત્રાલય **(MoEF&CC)** દ્વારા **e-Waste (Management and handling) Rules,2011** સુચીત કરવામાં આવ્યો છે. અને તેનું તારીખ ૧લી મે,૨૦૧૨ના રોજ અમલીકરણ કરવામાં આવ્યું હતું. આ નિયમનો મુખ્ય હેતુ ઇ-કચરાનું વ્યવસ્થાપન પર્યાવરણને અનુલક્ષીને થાય તેની ખાતરી કરવાનો છે.

## ઇ-કચરો સ્વાસ્થય અને પર્યાવરણ માટે જોખમી છે?

હા, ઇ-કચરાનો અયોગ્ય નિકાલ વાતાવરણમાં ભળી હવા, પાણી અને જમીનનુ પ્રદુષણ તથા અનેક પ્રકારની કેન્સર જેવી જોખમી બીમારીઓ કરી શકે છે.



*"We Provide Environmental Solutions"*

## ઇ-કચરા તરીકે કઇ વસ્તુ / સાધનોનો સમાવેશ થાય છે?

e-Waste (Management and Handling) Rules,2011 ના Schedule-I પ્રમાણે નીચેના ઇલેક્ટ્રીકલ અને ઇલેક્ટ્રોનીક સાધનોનો ઇ-કચરા તરીકે સમાવેશ થાય છે.

**Schedule-I**

**ઈલેક્ટ્રીકલ અને ઇલેક્ટ્રોનીક સાધનોની કેટેગરી**

| માહિતી ટેક્નોલોજી અને દૂરસંચાર સાધનો: | | ઇલેક્ટ્રિકલ અને ઇલેક્ટ્રોનિક્સ કન્ઝ્યુમરઃ |
|---|---|---|
| • સી.પી.યુ. (Central Processing Unit)<br>• મેઇનફ્રેમ્સ (નેટવર્ક સર્વર),મીનીકોમ્પ્યુટર્સ<br>• વ્યક્તિગત કમ્પ્યુટિંગ<br>• વ્યક્તિગત કોમ્પ્યુટર્સ (ઇનપુટ અને આઉટપુટ ઉપકરણો સાથે સીપીયુ)<br>• લેપટોપ<br>• નોટબુક કમ્પ્યૂટર્સ<br>• નોટપેડ કમ્પ્યૂટર્સ<br>• કાર્ટ્રીજ સહિત પ્રિન્ટર<br>• કોપી કરનાર સાધનો | • ઇલેક્ટ્રિકલ અને ઇલેક્ટ્રોનિક ટાઇપરાઇટર્સ<br>• વપરાશકર્તા સિસ્ટમ અને ટર્મિનલ્સ<br>• ફેક્સ મશીન<br>• ટેલિગ્રાફ<br>• ટેલીફોન<br>• ટેલિફોન પે<br>• કોર્ડલેસ ટેલિફોન<br>• સેલ્યુલર ટેલિફોન (મોબાઇલ)<br>• જવાબ આપનાર સીસ્ટમો | • ટેલિવિઝન સેટ (એલસીડી અને એલઇડી સહિત)<br>• રેફ્રિજરેટર<br>• વોશિંગ મશીન<br>• એ.સી. અને સેંટ્રાલાઇઝ એ.સી. |

## ઇ-કચરોનો નિયમ કોને લાગુ પડે છે?

ઇ-કચરા નિયમના Schedule-I માં સ્પષ્ટ કરેલા ઇલેક્ટ્રીકલ અને ઇલેક્ટ્રોનીક સાધનો અથવા તેના ભાગોના ઉત્પાદન, વેચાણ, ખરીદી અને પ્રોસેસીંગમાં સંકળાયેલાં બધા જ ઉત્પાદકો,

ગ્રાહકો અથવા જથ્થાબંધ વેપારીઓ તથા ઇ-કચરાના સંગ્રહ કરનાર કેન્દ્ર, તોડનાર (Dismantler) અને રીસાઇકલરને (recycler) ઇ-કચરાનો નિયમ લાગુ પડે છે.

## ઇ-કચરના નિયમો અમારા કાર્યાલય / વિભાગને લાગુ પડે છે?

હા, સરકારી કાર્યાલય, વિભાગ, જાહેર ક્ષેત્રના એકમો, બોર્ડ, કોર્પોરેશન, સંસ્થાન ,બેંક, શૈક્ષણીક સંસ્થાઓ, બહુરાષ્ટ્રીય સંસ્થાઓ, આંતરરાષ્ટ્રીય એજન્સીઓ તથા The Factories Act, ૧૯૪૮ અને Companies Act, ૧૯૫૬માં નોંધણી કરેલ તમામ જથ્થાબંધ વેપારીઓ તથા ઇલેક્ટ્રીકલ અને ઇલેક્ટ્રોનીકના સાધનની જથ્થાબંધ ખરીદી તથા વેચાણ કરતી પેઢીઓ અને ભંગાર સંગ્રહ કરતી પેઢીઓ, ખાનગી કંપનીઓ વગેરેને આ નિયમ લાગુ પડે છે.

## ઇ-કચરા સબંધીત અમારી કચેરીની જવાબદારી શું છે?

I. ઇ-કચરા નિયમ-૨૦૧૧ પ્રમાણે Schedule-Iમાં સ્પષ્ટ કરેલ ઇલેક્ટ્રીકલ અને ઇલેક્ટ્રોનીક સાધનોના ગ્રાહકો અથવા જથ્થાબંધ ગ્રાહકોને જે ઇ-કચરાનું ઉત્પાદન થાય છે તેને અધિકૃત કલેક્શન સેન્ટર અથવા રજીસ્ટર્ડ ડિસ્મેન્ટલર અથવા રીસાઇકલરને ચેનલાઇઝ્ડ અથવા ફરીથી પરત લઇ જવાની સર્વીસ આપતા ઉત્પાદકને પરત કરવાની ખાતરી કરવી જોઇએ.

II. બલ્ક ગ્રાહકોએ સબંધીત રાજ્ય પ્રદુષણ નિયંત્રણ બોર્ડ અથવા પ્રદુષણ નિયંત્રણ કમીટી દ્વારા થતી ચકાસણી માટે ઉપલ્બ્ધ રેકોર્ડની જાળવણી કરવી.

## આપની સંસ્થામાં ઉત્પન્ન થયેલા ઇ-કચરાનું શું કરવું જોઇએ?

ઇ-કચરાનું એકત્રીત કરીને અલગ સંગ્રહ કેન્દ્રમાં સંગ્રહીત કરવો જોઇએ. અને ત્યાર બાદ સુરક્ષીત અને પર્યાવરણ ફ્રેન્ડલી નિકાલ કરવા માટે ફક્ત અધિકૃત/રજીસ્ટર્ડ રીસાઇકલર/ ડીસ્મેન્ટલર્સ/ કલેક્શન સેન્ટરને જ મોકલવો જોઇએ.

## શા માટે અમારી કચેરીએ ઇ-કચરાની માહિતી આપવી જોઇએ?

ગુજરાત રાજ્ય હંમેશા પ્રદુષણ નિયંત્રણ અને પર્યાવરણ વ્યવસ્થાપનના મુદ્દે સક્રિય અને પ્રતિબંધ રહ્યું છે. રાજ્યમાં વિવિધ ક્ષેત્રોમાંથી ઉત્પન્ન થતાં ઇ-કચરા વિશે કોઇ વિશ્વાસનીય માહિતી નથી, તેથી આ વિષય પર નિતીઓ ઘડવા અહિ ઇ-કચરાની સેકટર પ્રમાણે ઇન્વેન્ટરી કરવાની જરૂર લાગી રહી છે.

**ઇ-કચરા વિશે વધારે માહિતી કે અન્ય બાબતે આપ ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન (ગેમી),ગાંધીનગરના સરનામાં પર અથવા આપના નજીકની ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડની કચેરીનો સંપર્ક સાધી શકો છો.**

બ્લોક નં. ૧૩, ૩જો માળ, ડો. જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય,સેક્ટર-૧૦ બી,ગાંધીનગર-૩૮૨૦૧૦.
ફોન નં. ૨૩૨-૪૦૯૬૪(ઓ.), ૨૩૨-૪૦૨૨૦ (ટેક.), ફેક્સ નં. ૨૩૨-૪૦૬૯૫, ઇ-મેલ: info@gemi-india.org, વેબસાઇટ : www.gemi-india.org

"We Provide Environmental Solutions"